**SUBJECT CODE : 23** પ્રશ્નપત્રનો પ્રકારઃ હેતુલક્ષી

**સામાન્ય અભ્યાસ - ૧ પ્રશ્નપત્ર – ૪**

**(Main Examination) GUJARATI MEDIUM**

કુલ ગુણઃ૨૦૦ સમયઃ૧૦૦ મિનીટ કક્ષાઃ સ્નાતક

---

૧. ગુજરાતનો ઇતિહાસ.

૨. ગુજરાતના ઉત્તમ શાસનકર્તાઓની શાસન પધ્ધતિઓ.

૩. ગુજરાતમાં પંચાયતી રાજની ભૂમિકા.

૪. ગુજરાતનો સાંસ્કૃતિક વારસોઃ કલા, ધર્મ, નૃત્ય, નાટક, ચિત્રપટ, સંગીત, લોક કથાઓ, લોક નૃત્યો, હસ્તકળા તેમજ વાસ્તુ શિલ્પ.

૫. ગુજરાતની બોલીઓ અને સાહિત્ય. સામાજિક વિકાસ પર સાહિત્યનો પ્રભાવ.

૬. ગુજરાતના સમાજ સુધારકો, તેમની વિચારસરણી અને કાર્યો.

૭. ગુજરાતના તહેવારો, ઉત્સવો, તેના રીતિ-રિવાજ, વેશભૂષા તથા આભૂષણ, મેળાઓ અને યાત્રા ધામો.

૮. **અર્થવ્યવસ્થા અને આયોજન.**

૮.૧ ભારતીય અર્થવ્યવસ્થા, ભારતીય અર્થવ્યવસ્થા સામેના પડકારો, ગરીબી, બેરોજગારી તેમજ પ્રાદેશિક અસમતુલા, આયોજન, પ્રકારો , ભારતની પહેલીથી અગિયારમી પંચવર્ષીય યોજનાના લેખાજોખા-, મુલ્યાંકન, વિકાસનું સામાજિક અને આર્થિક નિદર્શન, રાજય તેમજ સ્થાનિક સ્તરે આયોજન, વિકેન્દ્રીકરણ.

૮.૨ આર્થિક સુધારણા, પશ્ચાદભૂમિ, ઉદારીકરણ, ખાનગીકરણ તેમજ વૈશ્વિકરણ ( વિભાવના અર્થ, વ્યાપ્તી તેમજ મર્યાદા ) કેંદ્ર તેમજ રાજ્યસ્તરે આર્થિક સુધારાઓ , વિશ્વ વ્યાપાર સંગઠન-જોગવાઈઓ તેમજ તેમનું અમલીકરણ અને ભારતીય અર્થવ્યવસ્થા ઉપર તેમની અસરો અને પ્રશ્નો.

૮.૩ આંતરરાષ્ટ્રીય વેપાર તેમજ આંતરરાષ્ટ્રીય મૂડીવાદી ચળવળઃ વૈશ્વીકરણના યુગમાં ઉદય પામેલા વિચારધારામાં ભારતના વિદેશ વ્યાપારમાં વધારો, સમજૂતી તેમજ નિર્દેશો, ભારતની વિદેશ વ્યાપાર નીતિ-નિકાસ વૃધ્ધિ, વિશ્વ વ્યાપર સંગઠન અને આંતરરાષ્ટ્રીય વેપાર, વિદેશી મૂડીરોકાણ-રોકાણ અને વૃધ્ધિ, પ્રત્યક્ષ મૂડી રોકાણ, ઇ-કોમર્સ. બહુરાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓની ભૂમિકા (આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ, વર્લ્ડ બેન્ક અને આંતરરાષ્ટ્રીય વિકાસ સંસ્થા), આંતરરાષ્ટ્રીય શાખા દર નિર્ધારણ.

૮.૪ ગરીબીના નિર્દેશકો અને અંદાજોઃ ગરીબી રેખા, વિભાવના અને વસ્તુસ્થિતિ, ગરીબી નિર્મૂલન યોજના – ભારતીય જનન ક્ષમતા , વિવાહ દર , મૃત્યુ દર, રોગો, લિંગ સશકિતકરણની યોજનાઓ.

૮.૫ રોજગાર નિર્ધારણ ઘટકોઃ બેરોજગારીના ઉપાયો-આવક, ગરીબી અને રોજગારી વચ્ચેના સંબંધો- વિતરણ સંબંધિત પ્રશ્નો અને સામાજિક ન્યાય.

૮.૬. સાર્વજનિક વિત્તવ્યવસ્થા અને વિત્તિય સંસ્થાઓઃ બજાર અર્થવ્યવસ્થામાં જાહેર વિત્તવ્યવસ્થાની ભૂમિકા, સરકારી રોકાણના ધોરણો, ગુણવકતાયુકત વસ્તુઓ અને સાર્વજનિક વસ્તુ અને આવક અને ખર્ચના સ્ત્રોત (કેન્દ્ર તેમજ રાજ્ય), જુદા જુદા વેરા અને સબસીડીના પ્રકારો તથા તેમનું ભારણ અને અસરો, કેન્દ્ર તથા રાજ્યોના કર, બિન કર અને જાહેર દેવા. સરકારી ખર્ચ (કેન્દ્ર તેમજ રાજ્ય)-વૃધ્ધિ તેમજ તેના કારણો, સરકારી ખર્ચ સુધારણા-કામગીરી આધારીત અંદાજપત્ર, શૂન્ય આધારીત અંદાજપત્ર, બજેટની ખાધના પ્રકારો, દેશનું આંતરિક તેમજ વિદેશી દેવું, રાષ્ટ્રીય અને રાજય સ્તરે કર સુધારણની સમીક્ષા, મૂલ્ય વર્ધિત કર, સરકારી દેવામાં વધારો, પતાવટ અને ભારણ. કેન્દ્રને સતાવતી રાજયોના દેવાની સમસ્યા. રાજકોષીય ખાદ્યની વિભાવના અને તેનું નિયંત્રણ-કેન્દ્ર, રાજ્ય અને ભારતીય રિઝર્વ બેન્કના પગલાંઓ, કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ તેની સમીક્ષા, ભારતીય રાજવિત્તીય સુધારણા, બેકીંગ ક્ષેત્રે પ્રવર્તતા નવા પ્રવાહો, વાસ્તવિક અને નામમાત્ર વ્યાજના દરો, રેપો અને રિવર્સ રેપોરેટ.

૮.૭ વૃધ્ધિ, વિકાસ અને આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર.

(૧) વિકાસના નિર્દેશકો-સાતત્યપૂર્ણ વિકાસ, વિકાસ અને પર્યાવરણ, દેશનું આંતરિક ઉત્પાદન .

(૨) આર્થિક વિકાસના ઘટકોઃ કુદરતી સંશાધન, વસ્તી, માનવીય સંસાધનો, મૂળભૂત સુવિધાઓ-વસ્તી સંક્રમણનો સિધ્ધાંત-માનવ વિકાસ નિર્દેશાંક-ગરીબી-લિંગ સશક્તિકરણ પગલાં.

(૩) બહુરાષ્ટ્રીય કંપનીઓના વિકાસમાં વિદેશી મૂડી અને ટેકનોલોજીની ભૂમિકા.

(૪) વિકાસના એન્જિન તરીકે આંતરરાષ્ટ્રીય વેપાર-આંતરરાષ્ટ્રીય વેપારના સિધ્ધાંતો.

(૫) I.M.F., I.B.R.D., W.T.O. પ્રાદેશિક વેપાર કરારો, S.A.A.R.C., A.S.E.A.N.

૯. <u>જાહેર વહીવટ અને સરકારી કામકાજ</u>.

૯.૧ પ્રસ્તાવનાઃ

જાહેર વહીવટનો અર્થ, સ્વરૂપ અથવા કાર્યક્ષેત્ર અને મહત્વ, વુડ્રો વિલ્સનનું જાહેર વહીવટ અંગેનું દ્રષ્ટિ બિંદુ, જાહેર વહીવટનો ક્રમિક વિકાસ અને વર્તમાન સ્થિતિ, નવો જાહેર વહીવટ, લોકોની પસંદગીનો અભિગમ, ઉદારીકરણના પડકારો, નવું જાહેર સંચાલન.

૯.૨ તંત્ર વ્યવસ્થાઃ નિયમો-પધ્ધતિઓ, આકસ્મિકતાઓ, માળખું, મંત્રી મંડળ અને વિભાગો, નિગમો, મંડળો અને આયોગો, સલાહકાર સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, મુખ્ય કાર્યાલય અને ક્ષેત્રિય કચેરી વચ્ચેના સંબંધો, નિયમનકારી સત્તાધિકારીઓ, જાહેર-ખાનગી ભાગીદારી.

૯.૩ જવાબદારી અને નિયંત્રણઃ

જવાબદારી અને નિયંત્રણની વિભાવના, વહીવટ પર ધારાકીય, કારોબારી અને નાણાકીય અંકુશ, નાગરિક અને વહીવટ, વર્તમાન પત્રોની ભૂમિકા, હિત ધરાવતા સંગઠનો, સ્વૈચ્છિક સંગઠનો, સિવિલ સોસાયટી, નાગરિક અધિકાર પત્ર, માહિતી મેળવવાનો અધિકાર, સામાજિક ઓડિટ.

૯.૪ વહીવટી કાયદાઃ અર્થ, સ્વરૂપ અથવા કાર્યક્ષેત્ર અને મહત્વ.

વહીવટી પ્રતિનિધિત્વ, વહીવટી ટ્રીબ્યુનલો.

૯.૫ વહીવટી સુધારણાની પધ્ધતિઓ.

સંગઠન અને કાર્યપધ્ધતિઓ, કામગીરી અધ્યયન અને કામગીરી સંચાલન, ઇ-ગવર્નન્સ અને માહિતી પ્રક્રિયા પધ્ધતિ, સંચાલનમાં સહાયકારી સાધનો જેવા કે, નેટવર્ક એનાલીસીસ, M.I.S., P.E.R.T., C.P.M.

૯.૬ નાણાકીય વહીવટઃ

નાણાકીય અને રાજવિત્તીય નીતિઓ, સરકારી દેવું અને નાણા ઉછીના લેવા, અંદાજપત્રના પ્રકારો, બજેટ પ્રક્રિયા, નાણાકીય જવાબદારીઓ, હિસાબો અને ઓડિટ.

૯.૭ જાહેર નિગમો-સાહસોઃ

આધુનિક ભારતમાં જાહેર નિગમો/સાહસો, જાહેર નિગમોની રચના, સ્વાયતતાના પ્રશ્નો, જવાબદારી અને નિયંત્રણ, ઉદારીકરણ અને ખાનગીકરણની અસરો.

૯.૮ યોજનાઓ અને અગ્રતાઓઃ

યોજનાઓ માટેની તંત્ર વ્યવસ્થા, યોજના આયોગ અને રાષ્ટ્રીય વિકાસ પરિષદની રચના, કાર્યો અને ભૂમિકા, નિર્દેશાત્મક આયોજન, રાષ્ટ્ર તથા રાજ્ય સ્તરે આયોજનની પ્રક્રિયા, બંધારણીય સુધારો (૧૯૯૨) અને આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટે આયોજનનું વિકેન્દ્રીકરણ.

૯.૯ રાજ્ય સરકારનું વહીવટી તંત્ર.

સંઘ-રાજ્ય વહીવટી વ્યવસ્થા, વૈદ્યાનિક અને નાણાકીય સંબંધો, નાણા પંચની ભૂમિકા, રાજ્યપાલ, મુખ્યમંત્રી, મંત્રી મંડળ, મુખ્ય સચિવ, રાજ્યનું સચિવાલય, પ્રાદેશિક કચેરીઓ.

૯.૧૦ સ્વાતંત્ર્ય પછીનું જિલ્લા વહીવટી તંત્ર.

કલેક્ટરની બદલાતી ભૂમિકાઓ, સંઘ-રાજ્ય-સ્થાનિક સંબંધો, વિકાસ સંચાલન અને કાયદો વ્યવસ્થાનું વહીવટી તંત્ર, જિલ્લા વહીવટી તંત્રનું વિકેન્દ્રીકરણ.

૯.૧૧ સનદી સેવાઓ.

બંધારણીય જોગવાઈઓ, માળખું, ભરતી, તાલીમ અને ક્ષમતા આયોજન, સારા વહીવટની પહેલ, વર્તણૂક અને શિસ્તની બાબતો, સ્ટાફ એસોસીએશન, રાજકીય હક્કો, ફરિયાદ નિવારણ તંત્ર, સનદી સેવાની તટસ્થતા, સનદી સેવાની સક્રિયતા.

૯.૧૨ નાણાકીય સંચાલન.

રાજકીય સાધન તરીકે અંદાજપત્ર, જાહેર ખર્ચ પર સંસદીય કે ધારાકીય અંકુશ, નાણાકીય અને રાજવિત્તીય બાબતોમાં નાણા મંત્રાલયની ભૂમિકા, હિસાબી પધ્ધતિઓ, ઓડિટ, નિયંત્રક અને મહાલેખા પરિક્ષકની ભૂમિકા.

૯.૧૩ ગ્રામ્ય વિકાસ.

સંસ્થાઓ, ગ્રામ વિકાસ યોજનાઓ, વિકેન્દ્રીકરણ અને પંચાયતી રાજ, બંધારણનો ૭૩મો સુધારો.

૯.૧૪ શહેરી સ્થાનિક સંસ્થાઓ.

મ્યુનિસિપલ વહીવટ-મુખ્ય ખાસિયતો, તંત્ર વ્યવસ્થા, નાણાકીય બાબતો અને તેના પ્રશ્નો, બંધારણનો ૭૪મો સુધારો-નવો વિસ્તાર, વિકાસની બાબતો, શહેરના સંચાલનના સંદર્ભે રાજકારણ અને વહીવટ.

૯.૧૫ કાયદો અને વ્યવસ્થા વહીવટી તંત્રઃ બ્રિટીશ શાસનમાં વ્યવસ્થા, રાષ્ટ્રીય પોલિસ આયોગ, તપાસ કરનારી સંસ્થાઓ, આપતકાલિન પરિસ્થિતિ, આતંકવાદની વિરુધ્ધ કામગીરી તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં અર્ધલશ્કરી દળો સહિત રાષ્ટ્ર અને રાજ્યની સંસ્થાઓની ભૂમિકા, પ્રજા અને પોલિસ વચ્ચેના સંબંધો, પોલિસ સુધારણા.